# ટી-20 વર્લ્ડકપ માટે અફઘાનિસ્તાનની ટીમ જાહેર, રાશિદ કેપ્ટન

**ઇબ્રાહીમ** ઝદરાન વાઇસ કેપ્ટન, ટીમમાં નવીન ઉલ હક અને ગુલબદીન નૈબનો સમાવેશ

કાબુલ, તા. 31 (પીટીઆઇ) : અફઘાનિસ્તાને બુધવારે ભારત અને શ્રીલંકામાં સાતમી ફેબ્રુઆરીથી યોજાનાર ટી-20 વર્લ્ડકપ માટે 15 સભ્યોની ટીમમાં ફાસ્ટ બોલર નવીન ઉલ હક અને ઓલરાઉન્ડર ગુલબદીન નૈબનો સમાવેશ કર્યો છે. સ્ટાર સ્પિનર રાશિદ ખાન ટીમનું નેતૃત્વ ચાલુ રાખશે જ્યારે ઇબ્રાહિમ ઝદરાનને વાઇસ કેપ્ટન બનાવાયો છે. ખભાની ઇજામાંથી સ્વસ્થ થયા બાદ નવીન વાપસી કરી રહ્યો છે, તેણે છેલ્લે ડિસેમ્બર 2024 માં આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. ઓક્ટોબરમાં બાંગ્લાદેશના વ્હાઇટ-બોલ પ્રવાસમાંથી બહાર રહેલા નૈબ અને ઝડપી બોલર ફઝલહક ફારૂકી બંનેને ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. મુખ્ય પસંદગીકાર અહેમદ શાહ સુલેમાનખિલે જણાવ્યું હતું કે અમે છેલ્લા કેટલાક દિવસોની ચર્ચાઓ પછી ટીમને અંતિમ સ્વરૂપ આપ્યું છે. ગુલબદીન નૈબ મોટી મેચનો ખેલાડી છે અને તેની વાપસી અમારી ટીમને મજબૂત બનાવશે. અમે નવીન ઉલ હકના વાપસીથી પણ ખુશ છીએ, જે અમારી ઝડપી બોલિંગમાં સુધારો કરશે. ઓફ સ્પિનર મુજીબ ઉર રહેમાનનો પણ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેનો સમાવેશ રિઝર્વમાં સ્પિનર એએમ ગઝનફરના સ્થાને લેવામાં આવ્યો છે.

**અફઘાનિસ્તાનની ટીમ**

રાશિદ ખાન (કેપ્ટન), ઇબ્રાહીમ ઝદરાન (વાઇસ-કેપ્ટન), રહેમાનુલ્લા ગુરબાઝ (વિકેટકીપર), મોહમ્મદ ઇશાક (વિકેટકીપર), સેદીકુલ્લાહ અટલ, દરવીશ રસૂલી, શાહિદુલ્લા કમાલ, અઝમતુલ્લા ઉમરઝાઇ, ગુલબદીન નૈબ, મોહમ્મદ નબી, નૂર અહમદ, મુજીબ ઉર રહેમાન, નવીન ઉલ હક, ફઝલ હક ફારૂકી અબ્દુલ્લાહ અહમદઝાઇ.

**અનામત ખેલાડીઓ** : એએમ ગઝનફર, ઇજાઝ અહમદઝાઇ અને ઝિયા ઉર રહેમાન શરીફી.

# વિરાટ કોહલીએ 2025નો અંત એક અનોખા વર્લ્ડ રેકોર્ડ સાથે કર્યો

**કેરિયરમાં** દસમીવાર વિરાટ કોહલીએ વર્ષનો અંત રેન્કિંગમાં ટોચના બે ખેલાડીમાં રહીને કર્યો

**અત્યાર** સુધી કોહલી અને વિવિયન રિચાર્ડ્સ બંને નવ વાર રેન્કિંગમાં ટોચના બેમાં રહ્યા હતા



નવી દિલ્હી, તા. 31 : વિરાટ કોહલીએ 2025ના વર્ષનો અંત એક અનોખા વર્લ્ડ રેકોર્ડ સાથે કર્યો હતો, તેણે દસમીવાર વન ડે રેન્કિંગમાં ટોચના બેમાં રહીને વર્ષનો અંત કરીને રેકોર્ડ બનાવ્યો છે અને આ સંબંધે તેણે વેસ્ટઇન્ડિઝના દિગ્ગજ વિવિયન રિચાર્ડ્સનો રેકોર્ડ તોડ્યો હતો. દક્ષિણ આફ્રિકા સામેની સીરિઝમાં, તેણે શાનદાર પ્રદર્શન કરીને ત્રણ મેચમાં 302 રન બનાવ્યા, જેમાં બે સદી અને એક અડધી સદીનો સમાવેશ થાય છે. આ પ્રદર્શને તેને વન ડે બેટિંગ રેન્કિંગમાં ભારતના રોહિત શર્મા પછી બીજા સ્થાને પહોંચાડ્યો છે.

વિરાટ કોહલીના કારકિર્દીમાં આ 10મી વખત છે જ્યારે તેણે વન ડે રેન્કિંગમાં ટોચના બે બેટ્સમેન તરીકે વર્ષ પૂરું કર્યું હોય. ભારતીય દિગ્ગજ ખેલાડીએ 2017, 2018, 2019 અને 2020માં નંબર વન બેટ્સમેન તરીકે વર્ષ પૂરું કર્યું હતું. તે 2013, 2014, 2015, 2016, 2021 અને 2025 માં પણ બીજા સ્થાને રહ્યો હતો. આ સાથે, તેણે વેસ્ટ ઈન્ડિઝના મહાન વિવિયન રિચાર્ડ્સનો લાંબા સમયથી ચાલતો રેકોર્ડ તોડી નાખ્યો છે. રિચાર્ડ્સ તેની કારકિર્દીમાં નવ વખત ટોચના બેમાં સ્થાન મેળવ્યું હતું. અત્યાર સુધી, બેટ્સમેનોમાં કોહલી અને વિવ રિચાર્ડ્સનો આ રેકોર્ડ સંયુક્ત રીતે હતો. બોલરોમાં, દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ કેપ્ટન શોન પોલોક તેની કારકિર્દીમાં નવ વખત ટોચના બેમાં સ્થાન મેળવ્યું હતું, જેમાંથી સાત પ્રથમ હતા, જે કોઈપણ ખેલાડી દ્વારા સૌથી વધુ છે.

૩૭ વર્ષીય વિરાટ કોહલીએ અત્યાર સુધીમાં ૩૦૮ વનડે મેચ રમી છે, જેમાં ૫૮.૫ ની સરેરાશથી ૧૪,૫૫૭ રન બનાવ્યા છે. કોહલીના નામે વનડેમાં ૫૩ સદી અને ૭૬ અડધી સદી છે. કોહલી કરતાં વધુ કોઈએ વનડેમાં સદી ફટકારી નથી. વધુમાં, એક જ ફોર્મેટમાં સૌથી વધુ સદી ફટકારવાનો રેકોર્ડ કોહલીના નામે છે.

# ફિફા રેફરીની યાદીમાં ગુજરાતની રચના સહિત ત્રણ ભારતીયનો સમાવેશ

**ગુજરાતની** રચના કામાણીની સાથે જ પુડુચેરીના અશ્વિન કુમાર અને દિલ્હીના આદિત્ય પુરકાયસ્થને સામેલ કરાયા

નવી દિલ્હી, તા. 31 (પીટીઆઇ) : ઓલ ઇન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF) એ બુધવારે જણાવ્યું હતું કે FIFA ૨૦૨૬ ના આંતરરાષ્ટ્રીય મેચ અધિકારીઓની યાદીમાં એક મહિલા સહિત ત્રણ ભારતીય રેફરીઓને સામેલ કરવામાં આવ્યા છે.

ગુજરાતની રચના કામાણીને FIFA મહિલા રેફરીની યાદીમાં સામેલ કરવામાં આવી છે જ્યારે પુડુચેરીના અશ્વિન કુમાર અને દિલ્હીના આદિત્ય પુરકાયસ્થને પુરુષ રેફરી તરીકે સ્થાન મળ્યું છે. AIFF એ જણાવ્યું હતું કે અશ્વિન કુમાર અને આદિત્ય પુરકાયસ્થે મલેશિયાના કુઆલાલંપુરમાં AFC રેફરી એકેડેમીનો કોર્સ પૂર્ણ કર્યો છે જ્યારે રચના કામાણી હાલમાં આ કોર્સ કરી રહી છે.

આ ઉપરાંત, પુડુચેરીના મુરલીધરન પાંડુરંગન અને મહારાષ્ટ્રના પીટર ક્રિસ્ટોફરને FIFA સહાયક રેફરી તરીકે સામેલ કરવામાં આવ્યા છે. આ સાથે ૨૦૨૬ માટે FIFA ના આંતરરાષ્ટ્રીય મેચ અધિકારીઓની યાદીમાં ભારતના કુલ અધિકારીઓની સંખ્યા ૧૯ થઇ ગઇ છે. આમાં આઠ રેફરી, ૧૦ સહાયક રેફરી અને એક ફૂટસલ રેફરીનો સમાવેશ થાય છે.

# વર્લ્ડ બ્લિટ્ઝ : કાર્લસને વિક્રમી નવમું ટાઇટલ જીત્યું, એરિગાસીએ બ્રોન્ઝ જીત્યો

**કઝાકિસ્તાનની** બિબિસારા અસ્યુબાયેવાએ યુક્રેનની અન્ના મુઝીચુકને હરાવી ત્રીજું વર્લ્ડ બ્લિટ્ઝ ટાઇટલ જીત્યું

**અર્જુન** એરિગાસી વિશ્વનાથન આનંદ પછી વર્લ્ડ બ્લિટ્ઝમાં મેડલ જીતનાર બીજો ભારતીય પુરુષ ખેલાડી બન્યો



દોહા, તા. 31 (પીટીઆઇ) : ઉઝબેકિસ્તાનના ગ્રાન્ડમાસ્ટર નોદિરબેક અબ્દુસત્તોરોવને 2.5-1.5 થી હરાવીને વર્લ્ડ બ્લિટ્ઝ ટાઇટલ જાળવી રાખનાર ચેસ સ્ટાર મેગ્નસ કાર્લસને કહ્યું કે આ ખૂબ જ મુશ્કેલ ટુર્નામેન્ટ હતી અને તે ભાગ્યશાળી હતો કે શરૂઆતના રાઉન્ડમાં નબળા પ્રદર્શનને દૂર કરીને નવમી વખત ટાઇટલ જીત્યું.

કાર્લસને ટાઇટલ જીતવા માટે પોતાની પરિચિત રમતનું પ્રદર્શન કર્યું. ભારતીય ગ્રાન્ડમાસ્ટર અર્જુન એરિગેસી સેમિફાઇનલમાં હાર્યા બાદ બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો. તે વિશ્વનાથન આનંદ પછી વર્લ્ડ બ્લિટ્ઝમાં મેડલ જીતનાર બીજો ભારતીય પુરુષ ખેલાડી બન્યો. કાર્લસને ફાઇનલમાં ઉઝબેકિસ્તાનના ગ્રાન્ડમાસ્ટર અબ્દુસત્તોરોવ સામે ડ્રો સ્વીકારવાનો ઇનકાર કર્યો અને શાનદાર ચોથી ગેમ જીતી લીધી. કાર્લસન અને ઉઝબેક ખેલાડીએ અબ્દુસત્તોરોવ સામે ૧૯મા રાઉન્ડમાં ડ્રો રમ્યા બાદ સેમિફાઇનલમાં અંતિમ બે સ્થાન મેળવ્યા. ટોચના ક્રમાંકિત એરિગેસી અને બીજા ક્રમાંકિત યુનાઇટેડ સ્ટેટ્સના ફેબિયાનો કારુઆના પહેલાથી જ અંતિમ ચારમાં પ્રવેશ કરી ચૂક્યા હતા. કાર્લસને કારુઆનાને 3-1થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો જ્યારે અબ્દુસત્તોરોવે એરિગેસીને હરાવ્યો. મહિલાઓમાં, કઝાકિસ્તાનની બિબિસારા અસ્યુબાયેવાએ યુક્રેનની અન્ના મુઝીચુકને હરાવીને પોતાનો ત્રીજો વર્લ્ડ બ્લિટ્ઝ ટાઇટલ જીત્યો અને કેન્ડીડેટ્સ 2026 માટે પણ ક્વોલિફાય થયું.

# ઓસ્ટ્રેલિયાના માજી ક્રિકેટર ડેમિયન માર્ટિનની સ્થિતિ ગંભીર, હાલ કોમામાં

**બ્રિસ્બેનની** એક હોસ્પિટલમાં મેનિન્જાઇટિસથી પિડાતા માર્ટીનને ગંભીર હાલતમાં દાખલ કરાયો

**લેમેન**, ગીલક્રિસ્ટ સહિતના ઓસ્ટ્રેલિયાના માજી સાથી ખેલાડીઓએ તેને શુભેચ્છાઓ પાઠવી



બ્રિસ્બેન, તા. 31 (એપી) : ઓસ્ટ્રેલિયા માટે 67 ટેસ્ટ રમનાર માજી ક્રિકેટર ડેમિયન માર્ટીનને બ્રિસ્બેનની એક હોસ્પિટલમાં ગંભીર હાલતમાં દાખલ કરવામાં આવ્યો હોવાનું ઓસ્ટ્રેલિયન મીડિયાએ આજે બુધવારે જણાવ્યું હતું.

માજી જમણેરી બેટ્સમેન 54 વર્ષીય માર્ટિન મેનિન્જાઇટિસથી પીડાતો હતો અને કોમામાં હતો. માજી ટેસ્ટ ક્રિકેટર ડેરેન લેમેને સોશિયલ મીડિયા પર લખ્યું કે ડેમિયન માર્ટિનને ખૂબ પ્રેમ અને પ્રાર્થના. મજબૂત રહો અને લડતા રહો. પરિવારને પ્રેમ. માજી ઓસ્ટ્રેલિયન વિકેટકીપર એડમ ગિલક્રિસ્ટે મીડિયાને જણાવ્યું કે તેની શ્રેષ્ઠ શક્ય સારવાર થઈ રહી છે અને અમાન્ડા (માર્ટિનની પાર્ટનર) અને તેનો પરિવાર જાણે છે કે લોકો તેમની પ્રાર્થનાઓ અને શુભેચ્છાઓ મોકલી રહ્યા છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના ચીફ એક્ઝિક્યુટિવ ટોડ ગ્રીનબર્ગે કહ્યું કે ડેમિયનની બીમારી વિશે સાંભળીને અમને દુઃખ થયું છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયા અને સમગ્ર ક્રિકેટ સમુદાયની પ્રાર્થનાઓ તેમની સાથે છે. ડાર્વિનમાં જન્મેલા માર્ટિને વેસ્ટ ઈન્ડિઝ સામેની 1992-93 શ્રેણીમાં ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. તેણે 2006-07 એશિઝમાં પોતાની છેલ્લી ટેસ્ટ રમી હતી, ત્યારબાદ તે કોમેન્ટ્રી તરફ વળ્યો હતો. તેણે 208 વનડે રમીને 40.8ની સરેરાશથી રન બનાવ્યા અને 1999 અને 2003ની વર્લ્ડકપ વિજેતા ઓસ્ટ્રેલિયન ટીમનો સભ્ય હતો. 2003ની ફાઇનલમાં આંગળી તૂટવા છતાં બેટિંગ કરતી વખતે તેણે ભારત સામે નોટઆઉટ 88 રન બનાવ્યા હતા.

## સુડોકુ - ૭૧૩૪ - 'ક્રૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | | | ૪ | | | ૬ | ૩ |
| ૪ | | ૬ | | ૭ | | ૧ | | |
| | | ૮ | | | ૧ | | | ૪ |
| ૮ | ૧ | ૭ | ૨ | | | | ૪ | ૬ |
| | | | ૭ | | ૬ | ૯ | ૮ | ૨ |
| ૯ | ૬ | ૨ | ૪ | | ૩ | ૫ | | ૭ |
| ૩ | ૮ | | ૧ | | ૭ | | | ૫ |
| ૬ | ૭ | | ૮ | ૨ | ૯ | | | ૧ |
| ૧ | | | ૩ | | | ૬ | ૭ | ૮ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ભ્રમ - વિસ્મૃતિ

ચક્કરની સાથે માનસિક ભ્રાંતિ અને વિસ્મૃતિ થાય તો ધમાસો ચૂર્ણ 10g લઇ 200g ગાયના દૂધ અને 200g પાણી સાથે ઉકાળવું. પાણી 200g બળી જાય ત્યારે ઉતારી લો. તેમાં એક ચમચી ઘી અને પ્રમાણસર સાકર ઉમેરી પીવું. દિવસ દરમિયાન ગયાનું દૂધ વધુ એક વાર અવશ્ય પીવું . થોડા દિવસ પ્રયોગ ચાલુ રાખો.

# વિજય હજારે : સરફરાઝ, ગાયકવાડની સદી, કોહલી વિના દિલ્હી હાર્યું


**આર્યન** જુયાલે દોઢી સદી ફટકારીને આસામ સામે યુપીને જીતાડ્યું, સરફરાઝે મુંબઇને, ગાયકવાડે મહારાષ્ટ્રને જીતાડ્યું

જયપુર/અલુર, તા. 31 : વિજય હજારે ટ્રોફીમાં બુધવારે ચોથા રાઉન્ડની મેચ રમાઈ હતી. વિરાટ કોહલી વગર દિલ્હી નાના લક્ષ્યનો પીછો કરી શકી ન હતી, જ્યારે સરફરાઝ ખાને તોફાની ઇનિંગ્સથી મુંબઈને વિજય અપાવ્યો. મહારાષ્ટ્ર માટે રુતુરાજ ગાયકવાડે સદી ફટકારી તો આર્યન જુયાલે દોઢી સદી ફટકારીને યુપીને આસામ સામે જીત અપાવી હતી. વૈભવ સૂર્યવંશીની ગેરહાજરીમાં, બિહારે નાગાલેન્ડને 8 વિકેટથી હરાવ્યું હતું.

જયપુરમાં મુંબઈએ સરફરાઝ ખાને 75 બોલમાં 157 રનની વિસ્ફોટક ઇનિંગની મદદથી 445 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો, જેની સામે ગોવાએ 357 રન બનાવતા તે 87 રનથી મેચ હારી ગયું.ગોવા માટે અભિનવ તેજરાનાએ સદી ફટકારી, પરંતુ તે ટીમને જીત તરફ દોરી શક્યો નહીં. આ તરફ ઓડિશાએ મુકેલા ૨૭૩ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલું દિલ્હી કોહલીની ગેરહાજરીમાં માત્ર 193 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. દિલ્હીનો કેપ્ટન ઋષભ પંત આ મેચમાં નિષ્ફળ રહ્યો હતો. તો મહારાષ્ટ્ર અને ઉત્તરાખંડ વચ્ચેની મેચમાં પ્રથમ બેટિંગ કરતા, મહારાષ્ટ્રે કેપ્ટન રુતુરાજ ગાયકવાડની સદીની મદદથી 7 વિકેટ ગુમાવીને 331 રન બનાવ્યા. જવાબમાં ઉત્તરાખંડ ફક્ત 202 રનમાં ઓલઆઉટ થઈ ગયું. ઉત્તરાખંડ તરફથી સૌરભ રાવતે પણ 56 રન બનાવ્યા હતા. રાજકોટમાં આસામની ટીમ 308 રને ઓલઆઉટ થયા પછી યુપી વતી જુયાલે નોટઆઉટ 150 રન ફટકારીને ટીમને જીતાડી હતી.

## શબ્દગુંફન - ૭૧૩૪

અરવિંદ એસ. મારૂ




**આડી ચાવી**

૧. ઢોર ઢાંખર ધરાવનાર (૪)
૪. રુઆબદાર (૫)
૭. મોટું (૩)
૯. કથા, કહાણી (૩)
૧૧. પાણીમાં રહેતું પ્રાણી (૪)
૧૩. પાણી (૨)
૧૪. કાળજી, પરવા (૨)
૧૫. રેતીનું મેદાન (૨)
૧૬. પાક (૨)
૧૭. દુઃખ, પીડા (૩)
૧૯. ઇલાજ, ઉપાય (૨)
૨૧. ઉત્તમ, શુદ્ધ (૩)
૨૩. નવ લાખના મૂલ્યનું (૪)
૨૪. રાત્રિભોજન (૨)
૨૫. બીમાર, રોગીષ્ટ (૨)
૨૬. સંભાષણ, ગપ્પાં (૪)
૨૮. નાસી છૂટેલું (૪)
૩૦. દુઃખ, પીડા (૨)
૩૧. સહેજ ઇશારો (૩)

**ઊભી ચાવી**

૨. આંટો, ફેરો (૩)
૩. વીસ ઘા કાગળ (૨)
૪. જીવ (૨)
૫. ફળરૂપ (૩)
૬. શહેર (૩)
૮. છ મણનું વજન (૨)
૯. વાણી, બોલી (૨)
૧૦. ઘોડી (૩)
૧૧. એકઠું થયેલું (૨)
૧૨. ચાલાક (૩)
૧૪. ઉત્કટ તાલાવેલી (૩)
૧૫. વિદાયગીરી (૪)
૧૭. શ્વાસ (૨)
૧૮. દયાવાન (૩)
૨૦. વલોપાત (૫)
૨૨. વગરનું, વિનાનું (૩)
૨૪. વાર્તા, કથા (૨)
૨૫. ગમતું (૩)
૨૬. વાનર, કપિ (૩)
૨૭. કાળજી (૩)
૨૯. મહિલા, સ્ત્રી (૨)



## આજનું પંચાંગ

**તા. 01/01/2026, ગુરુવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1947
**વીર સંવત** : 2552 **માસ** : પૌષ
**તિથિ:** સુદ : તેરસ: 22:24- પ્રદોષ
**રાષ્ટ્રિય દિનાંક** : પૌષ : 11
**અયન** : ઉત્તરાયણ **ઋતુ** :શિશિર
**નક્ષત્ર** : રોહિણી 22:50
**યોગ** : શુભ **કરણ:** કૌવલ
**રાશિ:** વૃષભ (બ.વ.ઉ.)
**દિવસ** : શુભ, - ખ્રિસ્તી વર્ષારંભ : 2026
**સુરતમાં સૂર્યોદય** : 07:17
**સુરતમાં સૂર્યાસ્ત** : 18:07
**નવકારસી:** 08:05
**પારસી વર્ષ** : 1395, અમરદાદ માસનો 20મો રોજ
**મુસલમાન વર્ષ** : 1447, રજ્જબ માસનો 11મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
**રાહુ કાળ** : બપોરે : 13:30 થી 15:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** શુભ સમાચારથી નવા વર્ષનો આરંભ થાય. આર્થિક બાબતે ચોક્કસ યોજના બને. આવકનાં સાધનો વધશે.

**વૃષભ (બ,વ,ઉ,):** ક્રિએટીવ અને હકારાત્મક પ્રવૃત્તિથી નવી દિશા નવા વર્ષના આરંભે મળશે. ઉત્સાહજનક કામ પાર પડશે.

**મિથુન (ક,છ,ઘ,):** વિદેશનાં કામ માટે નવા વર્ષનો પ્રથમ દિવસ અનુકૂળ રહે. મહત્ત્વનાં કામ થાય. કાયદાકીય મદદ મળે.

**કર્ક (ડ,હ,):** પ્રેમમાં ઇચ્છિત મુલાકાતથી નવા વર્ષની શરૂઆત થાય. શુભ સમાચાર મળે. નવા રોકાણથી લાભ થાય.

**સિંહ (મ,ટ,):** નવા કામનો આરંભ થાય. નવા વર્ષમાં જાહેર અને સામાજિક કામની શરૂઆત થાય. શુભ સમાચારથી શરૂઆત.

**કન્યા (પ,ઠ,ણ,):** ઇચ્છિત મુલાકાત અને ટેકનોલોજી તથા વિદેશને લગતા કામની શરૂઆતથી નવા વર્ષનો આરંભ થશે.

**તુલા (ર,ત,):** લાંબા સમયથી અટકેલાં કામ અને નાણાંની છૂટ અને શુભારંભથી નવું વર્ષ શરૂ થાય. મનગમતા સમાચાર મળે.

**વૃશ્ચિક (ન,ય,):** આરોગ્યમાં સુધારો અને પારિવારિક પ્રશ્નોના સમાધાનથી નવા વર્ષનો આરંભ થાય. આવક વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** લાંબા સમયથી રાહ જોતા હોય તેવા સમાચારથી નવા વર્ષનો શુભારંભ થશે.આવક વધશે.

**મકર (ખ,જ,):** નવું વર્ષ નવા કામની શરૂઆત અને સંતાનોના અભ્યાસના આયોજનથી શરૂ થાય. શુભ સમાચાર મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** મહત્ત્વનાં કામ પાર પડે અને શુભ સમાચારથી વર્ષનો આરંભ ઉત્સાહ અને આત્મવિશ્વાસ વધારશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ભાગ્યના સાથના અનુભવ સાથે નવા વર્ષનો આરંભ થાય. આર્થિક યોજના પાર પડે. પ્રવાસ થાય.

## કોઇ પણ સાલમાં 01 જાન્યુઆરી જન્મેલાનું વર્ષ ફળ

કોઇ પણ સાલમાં 01,10,19 અને 28 કોઇ પણ માસની આ તારીખે જન્મેલાનો મૂળ આંક સૂર્યનો આંક એક હોવાથી આત્મગૌરવ, મહત્ત્વાકાંક્ષા અને પ્રતિષ્ઠા તથા વૈભવયુક્ત જીવન જીવવાનું પસંદ કરનાર લોકો હમેશાં પ્લાનીંગપૂર્વક આગળ વધતા હોય છે. જે લોકો આ નવા વર્ષમાં કોઇ કામનો આરંભ કરશે. તેમનું કામ પ્લાનિંગ પૂર્વક આગળ વધશે. નવા વર્ષનો આરંભ મિત્ર વાર ગુરુવારે થાય છે. જે શુભ સંકેત સમાન છે. વર્ષ દરમિયાન, રવિ અને સોમવારના દિવસને મહત્ત્વ આપવું તેમજ આછા ભૂરા, સોનેરી અને તાંમ્રવર્ણના રંગનો ઉપયોગ રોજ કરતા રહેવું શનિ અને શુક્રવારે કામનો આરંભ ટાળવો. તથા 7, 16, 25 તારીખનો ત્યાગ કરવો. સામાન્ય રીતે નવા વર્ષનો આરંભ ચડતી પડતી સૂચવે છે. જુલાઇ ઓગસ્ટમાં અનુકૂળતા રહે. નવેમ્બર ડિસેમ્બરમાં પ્રતિકૂલતાનો અનુભવ થશે. નોકરી ધંધા માટે અનુકૂળ વર્ષ છે. વિદેશ વિદ્યાભ્યાસ અને વિવાહ જેવાં કામમાં ચડતી પડતી રહે માટે મહેનત કરવી. સરકારી નોકરીની તૈયારી કરનારને તક મળશે. ટેકનોલોજી અને નવા વિચારો, નવી તક ઊભી કરશે. આર્થિક બાબતે સામાન્ય રહેશે. વર્ષ દરમિયાન આવક વધારવાની તક મળતી રહેશે.
Happy New year

## અનુસંધાન ... પાના પહેલાનું

### ઉત્તરાખંડમાં હાઇડ્રોપાવર...

હતા. ઘાયલોમાંથી કોઈ ગંભીર નથી. 88 મજૂરોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જેમાંથી 84 લોકોને પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી હતી, જ્યારે ચાર હજુ પણ સારવાર હેઠળ છે. દરમિયાન, રેલવેએ જણાવ્યું હતું કે અથડામણમાં સામેલ ટ્રેનોનો તેની સાથે કોઈ સંબંધ નથી.

### રાજસ્થાનના ટોંકમાં...

ખેતી માટે ખાતર લઈ જઈ રહ્યા હતા. જોકે, બોરીઓની તપાસમાં એમોનિયમ નાઈટ્રેટ મળી આવ્યું હતું, એમ તેમણે જણાવ્યું હતું. એમોનિયમ નાઈટ્રેટ ઉપરાંત, પોલીસે 200 કારતૂસ અને આશરે 1100 મીટરના સેફ્ટી ફ્યુઝ વાયરના છ બંડલ જપ્ત કર્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે સામગ્રીના પરિવહન માટે વપરાયેલી કાર પણ જપ્ત કરવામાં આવી હતી. મિશ્રાએ જણાવ્યું હતું કે ચોક્કસ ગુપ્ત માહિતી મળ્યા બાદ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### ગુજરાતમાં એસટી...

મુસાફરી કરતા મુસાફરોને ભાડા વધારાથી નહિવત અસર થવા પામશે. આ ભાડા વધારા બાદ પણ અન્ય રાજ્યની સરખામણીએ ગુજરાત એસ.ટી.નું લોકલ તથા એક્સપ્રેસ બસ ભાડું ઓછું રહેવા પામે છે. જેમ કે, લોકલ સર્વિસમાં પ્રતિ કી.મી /સીટ ગુજરાત- ૦.૬૧, મહારાષ્ટ્ર-૧.૯૮, ઉત્તરપ્રદેશ-૧.૩૦, મધ્યપ્રદેશ-૧.૨૫, આન્ધ્રપ્રદેશ-૧.૦૨ અને રાજસ્થાન-૧.૦૦ જ્યારે એક્સપ્રેસ સર્વિસમાં પ્રતિ કી.મી /સીટ ગુજરાત- ૦.૬૭, મહારાષ્ટ્ર-૧.૯૮, ઉત્તરપ્રદેશ-૧.૬૪, મધ્યપ્રદેશ-૧.૩૮, આન્ધ્રપ્રદેશ-૧.૨૫ અને રાજસ્થાન-૧.૧૦ છે.

### ફરીદાબાદમાં મહિલા...

ભયાનકતાની યાદ તાજી કરાવી હતી. સોમવાર મોડી રાત્રે આ ઘટના બની હતી આ મહિલા બસ કે ટેક્સીની જેવા પરિવહનની રાહ જોઈ રહી હતી ત્યારે બે આરોપીઓએ તેને લિફ્ટ આપી હતી. તેને તેના ગંતવ્ય સ્થાન પર લઈ જવાને બદલે બંને ગુરુગ્રામ તરફ ગાડી લઈ ગયા હતા અને કારમાં તેના પર બળાત્કાર કર્યો હતો, એમ પોલીસે જણાવ્યું. પોલીસે જણાવ્યું હતું કે આખી રાત કારને એક જગ્યાથી બીજી જગ્યાએ લઈ ગયા બાદ પરોઢે 3 વાગ્યે રાજા ચોક નજીક 90 કિમી પ્રતિ કલાકથી વધુની ઝડપે ચાલતા વાહનમાંથી તે મહિલાને ફેંકી દેવામાં આવી હતી. તેના ચહેરા અને માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી અને તેને 12થી વધુ ટાંકા આવ્યા હતા. તેની હાલત ગંભીર છે, અને તે હજુ સુધી નિવેદન નોંધાવી શકે તેવી સ્થિતિમાં નથી, એમ પોલીસે જણાવ્યું હતું. મહિલાની બહેન દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ, વૈવાહિક ઝઘડાને કારણે તે તેના માતાપિતાના ઘરે રહી રહી હતી. તે સોમવારે સાંજે સેક્ટર 23માં તેના મિત્રના ઘરે ગઈ હતી અને મોડી રાત્રે પરત ફરતી વખતે, આરોપીઓએ તેને લિફ્ટ ઓફર કરી હતી. મહિલાએ તેની બહેનને ફોન કર્યો, જે ઘટનાસ્થળે પહોંચી અને તેને હોસ્પિટલ લઈ ગઈ હતી. આરોપીઓ ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશના વતની છે અને હાલમાં ફરીદાબાદમાં રહે છે. મહિલા તેમને ઓળખતી નથી, અને ઓળખ પરેડ થયા પછી તેમની ઓળખ જાહેર કરવામાં આવશે. ગુનામાં વપરાયેલી વાન જપ્ત કરવામાં આવી છે, અને આરોપીઓએ ગુનો કબૂલી લીધો છે, એમ પોલીસે જણાવ્યું હતું.

### દિલ્હી ડાયરી...

હેઠળ લોકસભા અને વિધાનસભા ચૂંટણીઓને એકસાથે કરાવવા માટે બે બિલ રજૂ કર્યાના બરાબર એક વર્ષ પછી બિલોની તપાસ કરતી સંયુક્ત સંસદીય સમિતિએ તાજેતરમાં સંસદના શિયાળુ સત્ર દરમિયાન એક બેઠક યોજી હતી. એક રાષ્ટ્ર- એક ચૂંટણી બિલ પરની તેની ચર્ચામાં સમિતિએ ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશોથી લઈને અર્થશાસ્ત્રીઓ અને શિક્ષણવિદો સુધીના નિષ્ણાતોની સલાહ લીધી છે, પરંતુ એકસાથે ચૂંટણીઓ લાગુ કરવા માટે સૌથી મહત્ત્વપૂર્ણ હિસ્સેદાર ભારતના ચૂંટણી પંચે હજી સુધી સમિતિ સાથે આ બાબતે ચર્ચા કરી નથી. ભારતના ચૂંટણી પંચ દ્વારા અલગ-અલગ શેડ્યુલના કારણે અગાઉની બેઠક રદ કરવામાં આવ્યા પછી એવું જાણવા મળ્યું છે કે, બેઠકની શક્યતા ફક્ત નવા વર્ષની શરૂઆતમાં જ છે.

### કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહ હવે નવા વિવાદમાં પડ્યા

બિહારના ભાજપ નેતા અને કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહ, જેમને વિવાદો ઊભા કરવાનો શોખ છે, તેઓ હવે રાજ્યના મુખ્યમંત્રી નીતિશ કુમારના 'નકાબ'એપિસોડ સાથે જોડાયેલા નવા વિવાદમાં પડ્યા છે, જેમાં તેઓ એક મહિલા ડોક્ટરને નોકરી માટે નિમણૂક પત્ર આપતી વખતે તેમના ચહેરા પરથી પડદો હટાવતા જોવા મળ્યા હતા. સંસદના શિયાળુ સત્ર દરમિયાન સિંહનો સામનો મીડિયા-કર્મીઓ દ્વારા કરવામાં આવ્યો હતો, તેમણે આ મામલે સિંહને તેમની પ્રતિક્રિયા માંગી ત્યારે કહ્યું કે, કુમારે યોગ્ય કાર્ય કર્યું છે. કારણ કે, ભારત ઇસ્લામિક રિપબ્લિક નથી. તેમણે મુખ્યમંત્રીના કૃત્યને યોગ્ય ઠેરવતા દલીલ કરી, ''નીતિશે એક વાલી તરીકે કામ કર્યું હતું.'' મહિલાએ વિરોધમાં નિમણૂક પત્રનો સ્વીકારવાનો ઇનકાર કરવા અંગે સિંહે આગળ ટિપ્પણી કરી, ''તે મહિલા ડોક્ટર પર નિર્ભર છે કે તે સરકારી નોકરીમાં નિમણૂકનો ઇનકાર કરે અથવા ભાડમાં જાય.'' મંત્રીની ટિપ્પણીની ઘણા વિપક્ષી નેતાઓએ ટીકા કરી હતી, જેમાં એકે કહ્યું હતું કે, ભાજપના નેતા 'નિમ્ન માનસિકતા' ધરાવે છે.